### ભૂલ સુધારીને ખરા હકદાર ગરીબ પરિવારોને આવાસ ફાળવવા માંગ

# સિંગવડ PM આવાસ રિ-સર્વેમાં મોટી ભૂલ: રાવત ફળિયાના લોકોએ TDOને આવેદન આપ્યું

**બિનલાભાર્થી લોકોને પણ યોજનાના લાભ અપાય છે તેવી રાવ**




(પ્રતિનિધિ) સિંગવડ, દાહોદ: ,તા.2 પ્રધાનમંત્રી આવાસ યોજના 2026-27ની યાદીમાં સિંગવડ ગામે ગેરરીતિનો આક્ષેપ વધુ ઘેરો બન્યો છે. *15 જૂન 2026, સોમવાર*ના રોજ સિંગવડના રાવત ફળિયાના લોકોએ તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપીને આક્ષેપ કર્યો છે કે PM આવાસનું રી-સર્વે કરવા આવેલા અધિકારી દ્વારા કોઈ મોટી ભૂલ કરવામાં આવી છે. લોકોની રજૂઆત મુજબ, રી-સર્વે દરમિયાન અધિકારીએ યોગ્ય ચકાસણી કર્યા વગર જ લિસ્ટ તૈયાર કરી દીધી. જેના કારણે પાકા મકાન, ચાર પૈડા વાહન અને સરકારી નોકરી ધરાવતા પરિવારોના નામ પાત્ર લાભાર્થી તરીકે લિસ્ટમાં નોંધાઈ ગયા. જ્યારે છેલ્લા કેટલાક વર્ષોથી કાચા મકાનમાં રહેતા અને મજૂરી કરી ગુજરાત કરતાં સાચા જરૂરિયાતમંદોના નામ યાદીમાંથી કપાઈ ગયા. આવેદનમાં કહેવામાં આવ્યું છે કે સરકારી અધિકારીઓ દ્વારા વારંવાર કહેવામાં આવતું હતું કે "આવાસ ફક્ત જેમની પાસે પાકું મકાન નથી એમને અને જેને આજ સુધી મળ્યા નથી તેમને જ મળશે", પરંતુ રી-સર્વેની ભૂલના કારણે ઊલટું થયું છે. રાવત ફળિયાના લોકોએ માંગ કરી છે કે રી-સર્વેની સમગ્ર પ્રક્રિયાની તટસ્થ તપાસ કરવામાં આવે. ભૂલ સુધારીને ખરા હકદાર ગરીબ પરિવારોને આવાસ ફાળવવામાં આવે અને જેને આજ સુધી આવાસનો લાભ નથી મળ્યો તેવા લોકોને પ્રાથમિકતા આપવામાં આવે.

### મહિલાઓ અને વાહનચાલકોને નિશાન બનાવતી ગેંગ પોલીસના સકંજામાં

# દાહોદમાં લૂંટની ઘટનાઓનો ભેદ ઉકેલાયો, ૬ આરોપીઓ ઝડપાયા

**દાહોદ પોલીસના સકંજામાં કુખ્યાત લૂંટારૂ ગેંગ**





(પ્રતિનિધિ) દાહોદ, તા.16 દાહોદ એલસીબી પોલીસની ટીમે દાહોદના કતવારા તેમજ આસ પાસના આંતરિયાળ વિસ્તારોમાં એકલ દોકલ પસાર થતા વાહન ચાલકોને નિશાન બનાવી લૂંટ ચલાવતી ટોળકીને ઝડપી પાડી છે.ઉપરોક્ત ટોળકી ખાસ કરીને મહિલાઓ અને બાળકો સાથે આવતા વાહન ચાલકોને ચપ્પુ-છરા જેવા મારક હથિયારોના ધાકે દાગીના અને કિંમતી સામાન પડાવી લેતી હતી.જેના પગલે પોલીસે ટોળકી સામે પોલીસે મોટી કાર્યવાહી કરી છે.

દાહોદ એલસીબી પોલીસની ટીમે ગુનાખોરી વિરુધ હાથ ધરેલ અભયાન દરમ્યાન એક સગીર સહિત કુલ 6 આરોપીઓને ઝડપી પડ્યા છે પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે તમામ આરોપીઓ દાહોદ જિલ્લાના જ રહેવાસી છે એટલુંજ નહીં પોલીસ તપાસ મા વધુ એક ચોંકાવનારો ખુલાસો થયો ઝડપાયેલ ટોળકીએ અગાઉ દાહોદ જિલ્લામાં 6 જેટલા ગુનાઓ આચાર્ય હોવાનું સામે આવ્યું છે આરોપીઓ એકલ દોકલ પસાર થતા વાહન ચાલકો ને રસ્તામાં રોકી લેતા હતા અને ત્યાર બાદ ચાકુ છરા જેવાં મારક હથિયારો બતાવી બળજબરી પૂર્વક દાગીના અને અન્ય કીમતી વસ્તુઓ પડાવી લેતા હતા આ ટોળકીની મોડસ ઓપરેન્ટી ખુબ જ સુનિયોજિત હતી ખાસ કરીને ઓછી અવરજવર ધરાવતા રસ્તાઓ પર એકલા વાહન ચાલકો ને ટાર્ગેટ કરી તેઓ લૂંટની ઘટનાઓને અંજામ આપતા હતા પોલીસ દ્વારા આરોપીઓની પૂછ પૂરછ હાથ ધરવામાં આવી છે અને અન્ય ગુનાઓમાં તેમની સંડોવણી અગે પણ તપાસ ચાલી રહી છે દાહોદ એલસીબી પોલીસની આ સફળ કામગીરી અનેક ગુનાઓનો ભેદ ઉકેલાયો છે હાલ પોલીસે આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને વધુ તપાસ શરૂ કરી છે.

### હાલોલ બગીચા ખાતે કેન્દ્ર સરકારના ૧૨ વર્ષ પૂર્ણ થતાં આનંદ

# હાલોલમાં ધારાસભ્ય જયદ્રથસિંહ પરમારની ઉપસ્થિતિમાં જન કલ્યાણ શિબિર યોજાઈ




(પ્રતિનિધિ) હાલોલ, તા.16 પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારના "૧૨ વર્ષ - વિશ્વાસના, વિકાસના, જનકલ્યાણના પૂર્ણ થવાના અવસરે આજ રોજ હાલોલ નગરપાલિકા દ્વારા એક ભવ્ય 'જન કલ્યાણ શિબિર'નું આયોજન કરવામાં આવ્યું હતું. હાલોલના સાર્વજનિક બગીચા ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે હાલોલના ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પ્રધાનમંત્રીના કાર્યકાળના સફળ ૧૨ વર્ષની સિદ્ધિઓને બિરદાવી હતી અને સરકારશ્રી દ્વારા ચલાવવામાં આવતી વિવિધ જનકલ્યાણકારી યોજનાઓની વિસ્તૃત માહિતી આપી સૌ લાભાર્થીઓને માહિતગાર કર્યા હતા. કાર્યક્રમ દરમિયાન મંચ પર અનેક અગ્રણીઓ અને અધિકારીઓ હાજર રહ્યા હતા,જેમાં હાલોલ નગર પાલિકા પ્રમુખ નિશાબેન દેસાઈ,કારોબારી અધ્યક્ષ પ્રમોદસિંહ રાઠોડ, હાલોલ મામલતદાર સંદીપ રૈયાની, નગરપાલિકા ચીફ ઓફિસર ગૌરાંગ પટેલ, હાલોલ શહેર બીજેપી પ્રમુખ હરીશભાઈ ભરવાડ સહિત શિબિરમાં ઉપસ્થિત ભાજપાના અન્ય વરિષ્ઠ અગ્રણીઓ અને વહીવટી તંત્રના અધિકારીઓએ પણ પ્રજાલક્ષી કાર્યો અને યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચે તે માટેની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ શિબિરનો મુખ્ય ઉદ્દેશ્ય સામાન્ય જનતાને સરકારી યોજનાઓથી માહિતગાર કરી તેમને સીધો લાભ અપાવવાનો હતો.

## કાલોલમાં વેપારીનો મોબાઈલ ફોન ગુમ થયાની ફરિયાદ નોંધાઇ

કાલોલ : કાલોલના હનુમાન ફળીયામાં રહેતા અને વેપાર ધંધો કરતા વિરલકુમાર નરેન્દ્રકુમાર મહેતા ગત તારીખ ૧૩/૦૫/૨૦૨૬ ના રોજ સવારના ૦૮:૩૦ થી ૦૯:૦૦ વાગ્યાના અરસામાં પોતાના ઘરેથી કલોલ પરવડી બજારમાં આવેલ પોતાની કાપડની દુકાન "વિરલ સિલેક્શન" પર જવા નીકળ્યા હતા.આ દરમિયાન હનુમાન ફળીયાથી ત્રણ ફાનસ ચાર રસ્તા વચ્ચેના રોડ ઉપર તેમનો આશરે રૂપિયા ૧૪,૪૯૯/- ની કિંમતનો Vivo કંપનીનો T-1 મોડલનો મોબાઈલ ફોન ક્યાંક પડી ગયો હતો. આ મોબાઈલમાં જીઓ (Jio) કંપનીનું સીમકાર્ડ હતુ મોબાઈલ ફોન ગુમ થયા અંગે વેપારી દ્વારા ઘણી શોધખોળ કરવા છતાં ફોન મળી ન આવતા, આખરે તેઓએ આ અંગે કલોલ પોલીસ મથકનો સંપર્ક કર્યો હતો. કાલોલ પોલીસે આ અંગે જાણવા જોગ નોંધ કરી છે.

### હાલોલ નગરપાલિકા સંચાલિત ફાયર વિભાગની આપત્તિ વ્યવસ્થાપન સેવાઓ વધુ મજબૂત બની

# ૧૨,૦૦૦ લીટરનું વોટર બાઉઝર અને ૬૦૦૦ લીટરનું ફોમ ટેન્ડર જનતાની સેવામાં કાર્યરત




(પ્રતિનિધિ) હાલોલ, તા.16 ધારાસભ્ય જયદ્રથસિંહ પરમારના હસ્તે હાલોલ નગરપાલિકા સંચાલિત ફાયર વિભાગની આપત્તિ વ્યવસ્થાપન સેવાઓ વધુ મજબૂત અને વેગવંતી બને તે હેતુસર ગુજરાત સરકાર દ્વારા બે અદ્યતન ફાયર વાહનો ફાળવવામાં આવ્યા છે.જેમાં એક ૧૨,૦૦૦ લીટરની ક્ષમતા ધરાવતું અદ્યતન 'ફાયર વોટર બાઉઝર' અને અન્ય એક ૬,૦૦૦ લિટરની ક્ષમતાવાળું 'ફોમ ટેન્ડર વોટર બાઉઝર' (કેમિકલ કે તેલની આગ ઓલવવા માટેનું ખાસ વાહન) નો સમાવેશ થાય છે.આ બંને અદ્યતન વાહનોને આજ રોજ એક જાહેર કાર્યક્રમ અંતર્ગત હાલોલના ધારાસભ્ય જયદ્રથસિંહ પરમારની ગરિમામય ઉપસ્થિતિમાં લીલી ઝંડી આપીને વિધિવત રીતે જનતાની સેવામાં કાર્યરત કરવામાં આવ્યા હતા. આ નવા વાહનો આવવાથી હાલોલ શહેર અને આસપાસના ઔદ્યોગિક વિસ્તારોમાં આગ જેવી દુર્ઘટનાઓ સમયે ફાયર ફાઈટિંગની કામગીરી વધુ ઝડપી અને અસરકારક બનશે. આ ગૌરવશાળી પ્રસંગે હાલોલ નગરપાલિકાના પ્રમુખ નિશાબેન દેસાઈ, કારોબારી અધ્યક્ષ પ્રમોદસિંહ રાઠોડ તેમજ પાલિકાના ચીફ ઓફિસર ગૌરાંગ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત હાલોલ શહેર ભાજપ પ્રમુખ હરીશભાઈ ભરવાડ સહિતના સ્થાનિક ભાજપા અગ્રણીઓ, નગરપાલિકાના સદસ્યો અને ફાયર વિભાગનો સ્ટાફ મોટી સંખ્યામાં હાજર રહ્યો હતો અને નવીન સેવાઓને આવકારી હતી.

## મોક્સી ગામેથી ૨૪ વર્ષીય યુવક રહસ્યમય રીતે ગુમ



સાવલી તાલુકાના મોક્સી ગામ ખાતે આવેલી એમ.બી. બ્રિક્સમાંથી 24 વર્ષીય યુવક ગુમ થઈ જતાં પરિવારજનોમાં ચિંતા વ્યાપી છે. આ અંગે ભાદરવા પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ નોંધ દાખલ કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ ગાંધીનગર જિલ્લાના રહેવાસી સંજયકુમાર સાગર નામના યુવક મોક્સી ગામે આવેલી એમ.બી. બ્રિક્સ ખાતે કામ કરતા હતા. તા. 14 જૂનના રોજ વહેલી સવારે તેઓ ઈંટ ભઠ્ઠીમાંથી નીકળ્યા બાદ પરત ફર્યા નહોતા. પરિવારજનો દ્વારા વિવિધ સ્થળોએ શોધખોળ હાથ ધરવા છતાં તેમનો કોઈ પત્તો લાગ્યો ન હતો. આખરે પરિવારજનો દ્વારા ભાદરવા પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવતા પોલીસે જાણવાજોગ નોંધ દાખલ કરી.

## ડેપો ઉપર ભીડ રોકવા સ્માર્ટ સિસ્ટમ ઝાલોદમાં સફળ, બિયારણ કીટની વરસાદ પહેલા ધમાકેદાર વિતરણ




**દાહોદ :** ઝાલોદ તાલુકામાં કીટ વિતરણની કામગીરી ઘણા સમયથી થઈ રહી છે પરંતુ કીટ માં GSFC, NATIONAL SEEDS, IFFCO કંપનીઓ દ્વારા પોતાની પ્રોડક્ટ ખેતીલક્ષી આપે છે જેમાં છેલ્લા ઘણા સમયથી ઉપલબ્ધ ખાતર કરતા અન્ય કીટમાં ખાતરની આવકના હોવાના કારણે વિતરણ વ્યવસ્થા ખોરવાય હતી પરંતુ છેલ્લા 2 દિવસમાં રાબેતા મુજબ કીટ મુજબ માલ આવતા વિતરણ કરવામાં આવી રહેલ છે જેમાં કુલ કીટ 2340 છે જેમાંથી મંગળવાર સાંજ સુધીમાં 1691 કીટનું વિતરણ પૂર્ણ કરી બાકી ખેડૂતોને સંપર્ક ચાલુ કરી ડેપો ઉપરથી વિતરણ કરવામાં આવશે.

### ફરિયાદીના ખાતામાંથી રૂ.૧.૪૫ લાખ પડાવ્યા

# શિનોર પોલીસના સકંજામાં સાયબર ફ્રોડનો આરોપી મુંબઈથી ઝડપી પાડ્યો

**વિદેશી પાર્સલની લાલચ આપી ઠગાઈ કરનાર જાળમાં**

(પ્રતિનિધિ) શિનોર, તા.16 વડોદરા જિલ્લાના શિનોર પોલીસ સ્ટેશનને "ઓપરેશન પરાક્રમ" અંતર્ગત વધુ એક મહત્વની સફળતા મળી છે. વિદેશથી આવેલ પાર્સલ છોડાવવાના બહાને ઓનલાઈન 1લાખ 45હજાર રૂપિયા ટ્રાન્સફર કરાવી છેતરપિંડી આચરનાર એક સાયબર ઠગને શિનોર પોલીસે મુંબઈ ખાતેથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરા ગ્રામ્ય પોલીસના માર્ગદર્શન હેઠળ ચાલી રહેલા "ઓપરેશન પરાક્રમ" અંતર્ગત શિનોર પોલીસે સાયબર ફ્રોડના ગુનાઓ સામે અસરકારક કાર્યવાહી હાથ ધરી છે. ફરિયાદ મુજબ આરોપીએ ફરિયાદીને વિદેશથી આવેલ પાર્સલ છોડાવવા માટે વિવિધ બહાનાં બનાવી વારંવાર ઓનલાઈન રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા હતા. ત્યારબાદ વધુ રકમની માંગણી કરી વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરી હતી.

ફરિયાદીના ખાતામાંથી કુલ રૂ. 1 લાખ 45 હજાર જેટલી રકમ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી ઠગાઈ કરવામાં આવી હોવાનું તપાસમાં સામે આવ્યું છે. ફરિયાદના આધારે શિનોર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી ટેકનિકલ પુરાવાઓના આધારે તપાસ શરૂ કરવામાં આવી હતી.

### ૫ મોટર સાઇકલ ચોરીના ગુનાઓ ડિટેક્ટ કરાયા

# દેવગઢબારીયા પોલીસની સફળતા, ૧૨ ગુનાઓમાં સંડોવાયેલો આરોપી ઝડપાયો



(પ્રતિનિધિ) કાલોલ, તા.16 દેવગઢબારીયા પોલીસે મિલ્કત સંબંધિત ગુનાઓ સામે હાથ ધરાયેલી વિશેષ કામગીરી દરમિયાન કુલ 12 ગુનાઓમાં સંડોવાયેલ એક આરોપીને ઝડપી પાડી પાંચ અનડીટેક્ટ મોટર સાઈકલ ચોરીના ગુનાઓ ડિટેક્ટ કરી ચોરીમાં ગયેલી પાંચ મોટર સાઈકલો રીકવર કરવામાં સફળતા મેળવી છે. દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજા (IPS)ના માર્ગદર્શન હેઠળ તથા લીમખેડા વિભાગના નાયબ પોલીસ અધિક્ષક મિત્તલ સાકરીયા અને એ.કે. કલાસવાના સુચનાથી દેવગઢ બારીયા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ કે.કે. રાજપુત અને સ્ટાફ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ખાનગી બાતમીના આધારે પોલીસે મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના ખરકાલી ગામના બાલગીર લાલસિંહ તોમરને દેવગઢ બારીયા તાલુકાના કેલિયા ગામ નજીકથી ઝડપી પાડ્યો હતો. તેની પાસેથી મળેલી નંબર વગરની મોટર સાઈકલના કોઈ દસ્તાવેજો ન મળતા તપાસ કરતા વાહન ચોરીનું હોવાનું બહાર આવ્યું હતું. ત્યારબાદ કરાયેલી સઘન પૂછપરછમાં આરોપીએ દાહોદ, પંચમહાલ તથા મધ્યપ્રદેશ રાજ્યમાં વિવિધ સ્થળોએથી મોટર સાઈકલ ચોરી કર્યાની કબૂલાત કરી હતી. તપાસ દરમિયાન દેવગઢ બારીયા, ધાનપુર, રાજગઢ, હાલોલ રૂરલ અને મધ્યપ્રદેશના કુક્ષી પોલીસ સ્ટેશન વિસ્તારમાં નોંધાયેલા પાંચ વાહન ચોરીના અનડીટેક્ટ ગુનાઓ ડિટેક્ટ કરવામાં આવ્યા હતા. પોલીસે હીરો હોન્ડા, હોન્ડા સાઈન અને બજાજ પલ્સર સહિતની પાંચ મોટર સાઈકલો કબ્જે કરી છે.

### ઝાલોદ પોલીસને ગંધ પણ ન આવી! કામગીરી પ્રત્યે બેદરકારી ?

# એક મહિનામાં દાહોદ LCBએ પકડ્યો રૂા. ૪૬ લાખથી વધુનો દારૂનો જથ્થો



(પ્રતિનિધિ) દાહોદ, તા.16 તાજેતરમાં દાહોદ એલસીબીએ ઝાલોદ તાલુકાના રાજપુર નજીક બાતમીના આધારે કાર્યવાહી કરી રાજસ્થાનથી ગુજરાતમાં ખોટી નંબર પ્લેટ લગાવી લવાતો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. ઈક્કો કારમાં સંતાડીને લવાતી 23 પેટી અને 1,198 બોટલ વિદેશી દારૂ સાથે ગાડીનું મોટરસાયકલ દ્વારા પાયલોટિંગ કરવામાં આવી રહ્યું હતું. પોલીસે ચાર આરોપીઓને ઝડપી પાડી ઈક્કો કાર, બાઈક અને મોબાઈલ સહિત કુલ 5.11 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો, જ્યારે ચાર આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

આ પહેલાં કદવાળ ગામ નજીક સિમેન્ટની થેલીઓની આડમાં સંતાડીને લઈ જવાતો 499 પેટી વિદેશી દારૂ અને બિયરની 14,040 બોટલોનો જંગી જથ્થો એલસીબીએ ઝડપી પાડી 39.91 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ઉપરાંત નાનસલાઈ વિસ્તારમાંથી પણ સીએનજી રિક્ષામાં લઈ જવાતો દારૂ ઝડપી પાડી 1.85 લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. ત્રણેય ગુનાઓ ઝાલોદ પોલીસ મથક વિસ્તારના હોવા છતાં સ્થાનિક પોલીસ એકપણ કેસમાં દારૂ પકડવામાં સફળ રહી નથી. જેના કારણે લોકોમાં ચર્ચા શરૂ થઈ છે કે શું ઝાલોદ પોલીસની ગુપ્તચર વ્યવસ્થા સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ છે કે પછી કોઈની રહેમનજર હેઠળ દારૂનો ધંધો ફૂલીફાલી રહ્યો છે?

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં રાજસ્થાન અને મધ્યપ્રદેશની સરહદ નજીક આવેલો ઝાલોદ વિસ્તાર દારૂની હેરાફેરી માટે સલામત કોરિડોર બની રહ્યો હોવાના સંકેતો મળી રહ્યા છે. જો એલસીબીને ચોક્કસ બાતમી મળી શકે છે તો સ્થાનિક પોલીસને કેમ નહીં? આ સવાલ હવે સામાન્ય નાગરિકોથી લઈને જાગૃત વર્ગ સુધી ચર્ચાનો વિષય બન્યો છે.

## ઘરની દિનચર્યાઓને વધુ વ્યક્તિગત અનુભવ આપતી સ્માર્ટ સિસ્ટમ વિકસાવાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.16 LG ઈલેક્ટ્રોનિક્સે તેના AI હોમ ઈકોસિસ્ટમ માટેનો નવો દ્રષ્ટિકોણ રજૂ કરીને 'ઝીરો લેબર હોમ' તરફ આગળ વધવાની યોજના જાહેર કરી છે. કંપનીની 'અફેક્શનેટ ઈન્ટેલિજન્સ' ટેક્નોલોજી દ્વારા ઘરની દિનચર્યાઓને સમજતી, વપરાશકર્તાની જરૂરિયાતો અગાઉથી ઓળખતી અને વધુ વ્યક્તિગત અનુભવ આપતી સ્માર્ટ સિસ્ટમ વિકસાવવામાં આવી રહી છે. LGનું AI હોમ ઈકોસિસ્ટમ ત્રણ મુખ્ય સ્તંભો પર આધારિત છે - AI-સંચાલિત ઉપકરણો, ThinQ AI ઓર્કેસ્ટ્રેશન અને સ્વાયત્ત હોમ રોબોટ્સ. આ તમામ મળીને 'ThinQ AI યુનિવર્સ'નું નિર્માણ કરે છે, જે ઘરના વિવિધ ઉપકરણો અને સેવાઓને એકીકૃત રીતે સંચાલિત કરે છે.

### વેજલપુર ગ્રામ પંચાયતના વોર્ડ નં. ૫ ના સભ્ય નિશાંત શાહ ભાન ભૂલ્યા

# વ્હોટ્સએપ પર અપમાનજનક ટિપ્પણી બદલ પોલીસ મથકે ગુનો દાખલ

**૧૯ વર્ષીય યુવકને વ્હોટ્સએપ ગ્રૂપમાં 'બાયલા' કહી બિભત્સ અપશબ્દો બોલતા મામલો ગરમાયો**

(પ્રતિનિધિ) કાલોલ, તા.16 સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ પાસેથી સમાજમાં શાંતિ અને ગરિમા જાળવવાની અપેક્ષા રાખવામાં આવે છે, પરંતુ પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના વેજલપુર ગામે એક જવાબદાર પંચાયત સભ્ય જ ભાન ભૂલ્યા હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. વેજલપુર ગ્રામ પંચાયતના વોર્ડ નંબર ૫ ના હાલના સભ્ય નિશાંતકુમાર સંજયકુમાર શાહ વિરુદ્ધ સોશિયલ મીડિયા પર અપમાનજનક અને ઉશ્કેરણીજનક ભાષાનો ઉપયોગ કરવા બદલ વેજલપુર પોલીસ સ્ટેશનમાં વિધિવત નો.કો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસ દસ્તાવેજ અને ફરિયાદની વિગતો અનુસાર, વેજલપુરની વિવેકાનંદ સોસાયટીમાં રહેતા અને વેપાર-ધંધો કરતા ૧૯ વર્ષીય યુવક ગૌતમ હરીકિશન સેવાની ગત તારીખ ૦૮/૦૫/૨૦૨૬ ના રોજ સવારે ૯:૨૨ વાગ્યાના અરસામાં લોકપ્રિય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વ્હોટ્સએપ (WhatsApp) પર 'યુવા ક્રાંતિ ગ્રૂપ'માં મેસેજ કરી રહ્યો હતો. તે સમયે આ જ ગામના પંચાયત સભ્ય આરોપી નિશાંતકુમાર શાહે તમામ મર્યાદાઓ ઓળંગીને ફરિયાદી ગૌતમને મેસેજમાં જાહેરમાં "બાયલા" કહીને સંબોધ્યો હતો. એટલું જ નહીં, આરોપીએ ફરિયાદી તેમજ તેમના સમગ્ર સમાજને નિશાન બનાવીને અત્યંત નીચલા સ્તરની અને માનહાનિકારક ભાષાનો પ્રયોગ કરી ઉશ્કેરણીજનક બિભત્સ અપશબ્દો કહ્યા હતા. એક જવાબદાર પદ પર બેઠેલા પંચાયત સભ્ય દ્વારા આવા શરમજનક શબ્દોનો પ્રયોગ થતાં ફરિયાદી અને તેમના પરિવારની સામાજિક પ્રતિષ્ઠાને ઊંડી ઠેસ પહોંચી હતી. આ કૃત્ય દ્વારા સમાજમાં અંદરોઅંદર વેરભાવ અને અશાંતિ ફેલાવવાનો પ્રયાસ કરાયો હોવાના આક્ષેપ સાથે ફરિયાદી ગૌતમ સેવાનીએ વેજલપુર પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી આપી હતી. ફરિયાદીએ જણાવ્યું હતું કે, આ ઘટના ડિજિટલ પ્લેટફોર્મ પર બની હોવાથી તેમની પાસે વ્હોટ્સએપ ચેટના તમામ સ્ક્રીનશોટ્સ પુરાવા તરીકે ઉપલબ્ધ છે, જે તેઓ તપાસ દરમિયાન પોલીસ સમક્ષ સત્તાવાર રીતે રજૂ કરશે.